**ગુજરાતી ધોરણ : 8 પ્રથમ સત્ર**

**પાઠ – 16 જાત્રા ફળી એકમ ટેસ્ટ કુલ ગુણ ૨૫**

.................................................................................................................

**પ્રશ્ન ૧. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. [૫ ગુણ]**

૧. 'જાત્રા ફળી !' સંવેદનકથાના લેખક કોણ છે?.............................................................

૨. ભૂપત વડોદરિયાનો જન્મ કયા શહેરમાં થયો હતો? .......................................................

૩. લેખક શેઠની નોકરીમાંથી મહિને કેટલો પગાર મેળવતા હતા? ..........................................

૪. લેખકના શરીરમાં કયો રોગ થયો હતો?

.................................................................................................................

૫. કાકીમા નિ:સંતાન હોવા છતાં કોને જીવંત વ્યક્તિ ગણી તેની સેવા કરતાં હતાં?

.................................................................................................................

**પ્રશ્ન ૨. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો અથવા નીચે આપેલા વિધાનો સાચા છે કે ખોટા તે નક્કી કરી 'જાત્રા ફળી' (સાચું) અથવા 'જાત્રા ટળી' (ખોટું) લખો. [૫ ગુણ]**

**(સંવેદન કથા, બાદશાહી, ક્ષય, ઉગ્ર, ગધ્ધાવૈતરું)**

૧. 'જાત્રા ફળી !' એક સુંદર ___________________ છે.

૨. આઠ કલાકનું ___________________ કરીને હું સાંજે ઘેર જતો.

૩. માતા લેખકના સો રૂપિયાના પગારને _________ પગાર ગણતી.

૪. વાર્તાકથકને ___________ની બીમારી થઈ હતી.

૫. લેખકની પત્નીનો સ્વભાવ શાંત અને મધુર હતો. [______]

**પ્રશ્ન ૩. નીચે આપેલા ગદ્યખંડને વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. [૫ ગુણ]**

કાકીમા નિ:સંતાન હતાં. કાકાભા ભગવાનનું માણસ હતા, એ ઈશ્વરભક્તિમાં જ લીન રહેતા. કાકીમા કાકાભાના અવસાન પછી ઈશ્વરભક્તિ તરફ વળી ગયાં હતાં. પહેલાં તો એ કહેતાં: 'એકલાંનો તે કાંઈ અવતાર છે? શું રાંધવું, શું ખાવું? બેએક વર્ષ એ સૂનમૂન રહ્યાં. કાકીમાનું ખસી જશે એમ બધાં માનતાં પણ કાકાભાની ઊંડી ધાર્મિકતાની પડેલી અસર કાકાભા જતાં ઊપસી આવી અને કાકીમા ઠાકોરજીની પૂજામાં ચિત્ત પરોવવા લાગ્યાં. પછી તો કાકીમા માટે ઠાકોરજી એક જીવતીજાગતી વ્યક્તિ બની ગયા હતા. સવારે ઠાકોરજીને જગાડવા, દૂધ ધરાવવું, જમાડવા, બપોરે પોઢાડી દેવા, ચાર વાગ્યે પાછા જગાડવા, દૂધ ધરવું, રાત્રે જમાડવા અને પોઢાડવા એ જ એમની દિનચર્યા બની ગઈ. પહેલાં તો એ કાંઈ રાંધતાં નહીં, પણ પછી એ બધું ઠાકોરજી માટે રાંધતાં.

૧. કાકાભાનો સ્વભાવ કેવો હતો? .

.................................................................................................................

૨. કાકાભાના અવસાન પછી કાકીમાએ શું કર્યું?

૩. શરૂઆતમાં કાકીમા શું કહેતાં અને કેવા રહ્યાં?

૪. ઠાકોરજી કાકીમા માટે કેવા બની ગયા હતા?

૫. ઠાકોરજી માટે કાકીમાની દિનચર્યા શું બની ગઈ હતી?

**પ્રશ્ન ૪. સૂચના મુજબ કરો. [૫ ગુણ]**

**૧. નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.**

**દગો દેવો:અર્થ:** **વાક્ય:**

**૨. નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

**જેને કોઈ સંતાન ન હોય તે:**

**૩. નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.**

**ઓચિંતો:** **વસવસો:**

**૪. નીચે આપેલા શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

**સુખી x ______**

**૫. 'માનવધર્મ' એટલે શું? પાઠના આધારે સમજાવો.**

**પ્રશ્ન ૫. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો. [૫ ગુણ]**

૧. લેખકને પોતાની બીમારી શા માટે છુપાવવી પડતી હતી? તેના કારણે તેમને શી મુશ્કેલી પડતી?

૨. કાકીમાએ પોતાની જાત્રાના પૈસા ભત્રીજાની સારવાર માટે વાપરવાનો નિર્ણય શા માટે લીધો હશે? આ પ્રસંગ દ્વારા કવિ કયો સંદેશ આપે છે?

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education